# મહારાષ્ટ્ર એક ઉદ્યોગ-મિત્ર રાજ્ય છે; ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિદેશી રોકાણમાં નંબર વનઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ જણાવ્યું હતું કે, રાજ્યમાં ઉદ્યોગોને આપવામાં આવતી સુવિધાઓ અને માળખાકીય સુવિધાઓને કારણે મહારાષ્ટ્ર ઉદ્યોગ-મિત્ર રાજ્ય બન્યું છે. ઉદ્યોગો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, વિદેશી રોકાણમાં મહારાષ્ટ્ર ટોચ પર છે. રાજ્યમાં સેમીકન્ડક્ટર તેમજ અન્ય તમામ ક્ષેત્રોમાં મોટા પ્રમાણમાં રોકાણ કરવામાં આવી રહ્યું છે.

એક કાર્યક્રમમાં મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ કહ્યું હતું કે, દાવોસમાં લગભગ પાંચ લાખ કરોડના રોકાણના સમજૂતીના કરાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત રાજ્યમાં સૌર ઉર્જા, સેમીકન્ડક્ટર વગેરે ક્ષેત્રોમાં રોકાણ વધી રહ્યું છે. તાજેતરમાં નવી મુંબઈમાં સેમીકન્ડક્ટર પ્રોજેક્ટ શરૂ થયો છે. ઉદ્યોગ સાહસિકોનો આત્મવિશ્વાસ વધવાને કારણે રાજ્યમાં મોટી સંખ્યામાં ઉદ્યોગો આવી રહ્યા છે. રાજ્યમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું મોટું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે.

અટલ સેતુ, કોસ્ટલ રોડે મુસાફરીનો સમય ઘટાડ્યો છે. મેટ્રો નેટવર્કનું જાળું તૈયાર થઈ રહ્યું છે અને ટૂંક સમયમાં અંડર-ગ્રાઉન્ડ મેટ્રો-૩ શરૂ કરવામાં આવશે. દરરોજ લગભગ ૧૩ લાખ નાગરિકો આમાં મુસાફરી કરશે.

વાઢવણ પોર્ટનું વિસ્તરણ મહારાષ્ટ્ર માટે પરિવર્તનકારી પ્રોજેક્ટ છે. વાઢવણ ખાતે એરપોર્ટ શરૂ કરવાની પણ યોજના છે. નવી મુંબઈ એરપોર્ટ પણ ટૂંક સમયમાં ખુલવા જઈ રહ્યું છે. આગામી બે વર્ષમાં મુંબઈના રસ્તાઓ ખાડામુક્ત બનાવવાનો નિર્ધાર છે. તેમજ રાજ્યના રસ્તાઓને ખાડામુક્ત બનાવવા અમે કામ કરી રહ્યા છીએ એમ શિંદેએ જણાવ્યું હતું. એકનાથ શિંદેએ કહ્યું હતું કે, આ સામાન્ય માણસની સરકાર હોવાથી સામાન્ય માણસ માટે 'મુખ્યમંત્રી માઝી લાડકી બહિણ' યોજના શરૂ કરવામાં આવી છે. આ યોજના અર્થતંત્રને વેગ આપી રહી છે. આ યોજના માટે ભંડોળ ફાળવવામાં આવ્યું છે અને આ યોજના ભવિષ્યમાં પણ ચાલુ રહેશે.

# કાપકૂપ સાથે કંગનાની 'ઇમર્જન્સી'ને સર્ટિફિકેટ મળી શકેઃ સેન્સર બોર્ડ

મુંબઈઃ સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશને ગુરુવારે બોમ્બે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે તેની રિવાઇઝિંગ કમિટીએ કરેલી ભલામણ અનુસાર ફિલ્મમાં કેટલીક કાપકૂપ કરવામાં આવશે તો કંગના રનૌટની ફિલ્મ 'ઈમરજન્સી'ને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ ફિલ્મ ૬ સપ્ટેમ્બરે રિલીઝ થવાની હતી, પણ સેન્સર બોર્ડ દ્વારા રિલીઝ કરવા માટે જરૂરી સર્ટિફિકેટ ન મળવાને કારણે ફિલ્મ રિલીઝ નથી થઈ શકી.

ભૂતપૂર્વ વડાં પ્રધાન સ્વ.ઇન્દિરા ગાંધીની મુખ્ય ભૂમિકા ભજવનાર કંગના આ ફિલ્મની સહ નિર્માતા અને દિગ્દર્શક પણ છે. શિરોમણી અકાલી દળ સહિત કેટલાક શીખ સંગઠનોએ તેમના સમુદાયને અયોગ્ય રીતે રજૂ કરવાનો અને ઐતિહાસિક તથ્યોની ખોટી રજૂઆતનો આરોપ કર્યો હોવાથી ફિલ્મ વિવાદોમાં ઘેરાઈ છે.

ન્યાયમૂર્તિ બી પી કોલાબાવાલા અને ન્યાયમૂર્તિ ફિરદોશ પૂનીવાલાની ખંડપીઠે ફિલ્મને સર્ટિફિકેટ આપવા અંગે નિર્ણય ન લેવા બદલ ગયા અઠવાડિયે સીબીએફસીની આકરી ટીકા કરી હતી. ત્યાર બાદ હાઇ કોર્ટે કહ્યું હતું કે સેન્સર બોર્ડે તરફેણમાં કે વિરુદ્ધના નિર્ણય લેવો જ જોઈએ. નિર્ણય ન લેવો એ વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા પર કાપ મૂકવા બરાબર છે.

અદાલતે સીબીએફસીને ૨૫ સપ્ટેમ્બર સુધીમાં નિર્ણય લેવા નિર્દેશ આપ્યો હતો. (પીટીઆઈ)

# જનહિતમાં પુણે મેટ્રોનું ઓનલાઇન ઉદ્ઘાટન કરે પીએમઃ સુપ્રિયા સુળે

મુંબઈઃ ભારે વરસાદને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પુણે મુલાકાત રદ કરવી પડી હોવાથી પુણે મેટ્રોના નવા તબક્કાનું ઉદ્ઘાટન તેમણે ઓનલાઈન કરી નાખવું જોઈએ એમ રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પક્ષ (એનસીપી - એસપી)નાં નેતા સુપ્રિયા સુળેએ ગુરુવારે જણાવ્યું હતું. ભૂતકાળમાં પાંચ વખત આ જ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન તેઓ કરી ચૂક્યા હોવાનું કારણ એનસીપી - એસપીનાં નેતાએ આપ્યું હતું.

મોદીની પુણેની મુલાકાત રદ કરવામાં આવતા પુણે જિલ્લાના બારામતીના સંસદ સભ્યએ જણાવ્યું હતું કે 'મોદી પુણે ન આવી શક્યા એનો અફસોસ છે. અતિથિનું સ્વાગત કરવું એ મહારાષ્ટ્રની સંસ્કૃતિ છે. આ છઠ્ઠી વખત પુણે મેટ્રોનું ઉદ્ઘાટન થયું હોત એ વાત પર હું પીએમઓ (વડા પ્રધાન કાર્યાલય) દોરવા માંગું છું. એટલે વડા પ્રધાનને મારી નમ્ર વિનંતી છે કે તેઓ પુણે મેટ્રોનું ઓનલાઇન ઉદ્ઘાટન કરે ... આ જ પ્રોજેક્ટનું ભૂતકાળમાં પાંચ વખત તેઓ ઉદ્ઘાટન કરી ચુક્યા છે. (પીટીઆઈ)

# વરસાદ વિલનઃ મોદીની પુણે મુલાકાત રદ થઇ

પુણેઃ ગઈ કાલે શહેરમાં મુશળધાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતાં. શહેરમાં ભારે વરસાદને કારણે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની પુણેની મુલાકાત રદ કરવામાં આવી છે. બુધવારે, પુણેમાં ૧૩૧ મિ.મી. વરસાદ નોંધાયો હતો, માત્ર ત્રણ કલાકમાં મોટા ભાગનો વરસાદ ખાબક્યો હતો. ગઈ કાલે વરસેલો વરસાદ છેલ્લાં ૮૬ વર્ષમાં પુણે માટે સપ્ટેમ્બરમાં ૨૪ કલાકમાં થયેલો સૌથી વધુ વરસાદ છે.

# વિજ્ઞાનને માર્ગે આત્મનિર્ભરતાઃ મોદી

## ૩ મેઇડ ઇન ઈન્ડિયા સુપરકમ્પ્યુટર લૉન્ચ કર્યા

પુણેઃ દૂરંદેશીપણું હોય તો જ દેશ મોટી સિદ્ધિ પ્રાપ્ત કરી શકે છે, એમ જણાવતા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ટેક્નોલોજી અપગ્રેડેશન દ્વારા ગરીબોને સશક્ત બનાવવા પર ભાર મૂકયો હતો. નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન હેઠળ વિકસાવવામાં આવેલા ત્રણ દેશી સુપરકમ્પ્યુટર્સ 'પરમ રુદ્ર'નું વીડિયો લિંક દ્વારા ઉદ્ઘાટન કર્યા બાદ મોદીએ જણાવ્યું હતું કે ભારત શક્યતાઓના અનંત આકાશમાં નવી તકોને કંડારી રહ્યો છે. સામાન્ય લોકોને ટેક્નોલોજીમાં સંશોધનને કારણે કેવી રીતે લાભ થઇ શકે તેની ખાતરી કરવા માટેના પગલાં સરકાર દ્વારા લેવાઇ રહ્યાં છે.

'નેશનલ સુપરકમ્પ્યુટિંગ મિશન ૨૦૧૫માં શરૂ કરવામાં આવ્યું હતું અને હવે સુપરકમ્પ્યુટિંગ ટેક્નોલોજી આગળ વધી રહી છે જેના દ્વારા આઇટી, મેન્યુફેક્ચરિંગ, મધ્યમ અને લઘુ ઉદ્યોગો, સ્ટાર્ટ-અપ્સને આગળ વધારવામાં મદદ મળશે', એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. સરકાર દ્વારા વિજ્ઞાન, ટેક્નોલોજી અને સંશોધનને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. ગગનયાન મિશન શરૂ થઇ ગયું છે અને ૨૦૩૫ સુધી અંતરિક્ષમાં ભારતનું પોતાનું સ્પેસ સ્ટેશન હશે. આ પ્રકલ્પના પ્રથમ તબક્કાને મંજૂરી આપી દેવામાં આવી છે.

## છેલ્લા પાનાનું ચાલુ

### તોફાન પછીની શાંતિ

સાંતાક્રુઝમાં ૧૭૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. શહેરમાં સૌથી વધુ કોલાબા પમ્પિંગ સ્ટેશન ખાતે ૨૦૪, પૂર્વ ઉપનગરોમાં માનખુર્દ ફાયર સ્ટેશન ખાતે ૨૮૦ અને પશ્ચિમ ઉપનગરોમાં સૌથી વધુ આરે કૉલોની મનપા શાળા પાસે ૧૯૭ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

દર વર્ષની જેમ બુધવારે પણ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયાં હતાં, જેને કારણે અનેક ઠેકાણે રસ્તા પાણીમાં ગરકાવ હતા. મોડી રાતે વરસાદ ધીમો પડતાં ધીરે ધીરે પાણી ઓસરવા લાગ્યાં હતાં. અનેક વિસ્તારોમાં પમ્પની મદદથી પાણી કાઢવાની જરૂર પડી હતી.

બુધવારે પાણી ભરાવાને કારણે સેન્ટ્રલ રેલવેમાં કુર્લાથી થાણે વચ્ચેની ટ્રેનો ઠપ થઈ ગઈ હતી. મોડી રાતે ટ્રેનો ફરી ચાલુ થતાં નોકરિયાતો ઘરે પહોંચી શક્યા હતા. બીજી બાજુ, વેસ્ટર્ન રેલવેની ટ્રેનો મોડી પડવા છતાં ચાલુ રહી હતી. રસ્તા પર પાણી ભરાઈ જવાને કારણે અનેક બસોના માર્ગમાં ફેરફાર કરવામાં આવ્યો હતો તો ચારથી પાંચ બસ ખોટકાવાને કારણે પ્રવાસીઓ રઝળી પડ્યા હતા.

આવી જ સ્થિતિ થાણેમાં રહી હતી. થાણેમાં પાણી ભરવાની, ઝાડ તૂટી પડવાની અનેક ફરિયાદો થાણે મહાપાલિકાને મળી હતી. થાણે શહેરમાં ૨૪ કલાકમાં ૮૨ મિ.મી. વરસાદની નોંધ થઈ હતી.

ધોધમાર વરસાદને કારણે મુંબઈ તરબોળ થયું હોવા છતાં પીવાનું પાણી પૂરું પાડનારાં મોટાં જળાશયો ભાત્સા, અપર વૈતરણા અને મધ્ય વૈતરણામાં પાણીની આવક નોંધપાત્ર નહોતી જણાઈ. જોકે ચોમાસામાં અત્યાર સુધીના વરસાદને કારણે આ જળાશયોનાં પાણીનું સ્તર સંતોષજનક હોવાની માહિતી પાલિકાના વૉટર ડિપાર્ટમેન્ટમાંથી મળી હતી.

### ભેખડ ધસી પડતાં માટી-પથ્થરોમાં ફસાયેલી મહિલાને બચાવી લેવાઈ

પૂર્વ ઉપનગરોમાં બુધવારે પડેલા મુશળધાર વરસાદને કારણે ભાંડુપમાં ભેખડ ધસી પડતાં માટી-પથ્થરોમાં ફસાઈ ગયેલી મહિલાને બચાવી લેવાઈ હતી. ભાંડુપ પશ્ચિમમાં હનુમાન નગર સ્થિત પથ્થરોની ખાણ નજીકના ડુંગરનો અમુક ભાગ તૂટી પડ્યો હતો. ભરવરસાદમાં માટી અને પથ્થરો એક ઘરની દીવાલ પર આવી પડી હતી, એમ પાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારીએ જણાવ્યું હતું. ઘટનાને પગલે આજુબાજનાં ઘરના રહેવાસીઓ સહીસલામત બચીને નીકળી ગયા હતા. જે ઘર પર પથ્થરો પડ્યા હતા તેમાં રહેતી નંદિની શર્મા (૨૦) અને રિતિકા શર્મા (૧૮) પણ બચી ગઈ હતી, પરંતુ તેમની માતા માધુરી શર્મા (૪૨)નો પગ પથ્થરો વચ્ચે ફસાઈ ગયો હતો. બચાવી લેવાયેલી માધુરીને મુલુંડની અગ્રવાલ હૉસ્પિટલમાં દાખલ કરાઈ હતી.

### ભાંડુપમાં ઘરની દીવાલ તૂટી પડતાં ત્રણ જણ જખમી

ભાંડુપમાં પાઈપલાઈન રોડ ખાતેના તુલસીપાડા વિસ્તારની એક ચાલમાં ઘરની દીવાલ તૂટી પડતાં ત્રણ જણ જખમી થઈ હતી. ફાયર બ્રિગેડે આપેલી માહિતી અનુસાર ઘટના બુધવારની મધરાત બાદ બે વાગ્યાની આસપાસ બની હતી. ઘરની દીવાલ તૂટી પડવાને કારણે ચાર જણ ફસાઈ ગયા હતા. બનાવની જાણ થતાં ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને ચારેય જણને બચાવી લેવાયા હતા.

### અંધેરીના મૅનહોલમાં

જણાવ્યા મુજબ બુધવારની રાતે ૧૦ વાગ્યાની આસપાસ અંધેરી પૂર્વમાં સીપ્ઝ ગેટ નંબર-૮ નજીક બનેલી ઘટનામાં મૃત્યુ પામેલી મહિલાની ઓળખ વિમલા અનિલ ગાયકવાડ (૪૫) તરીકે થઈ હતી. એમઆઈડીસી સ્થિત એક ચાલમાં પતિ અનિલ સાથે રહેતી વિમલા સીપ્ઝમાં સિક્યોરિટી ડિપાર્ટમેન્ટમાં નોકરી કરતી હતી.

બુધવારે મુંબઈમાં મુશળધાર વરસાદ વરસી રહ્યો હતો ત્યારે નોકરી પરથી છૂટીને વિમલા ચાલતી ઘરે જઈ રહી હતી. રસ્તો ઓળંગતી વખતે ડિવાઈડર પાસે આવેલી વિમલાની નજર ખુલ્લા મૅનહોલ તરફ ગઈ નહોતી, જેને કારણે તે મૅનહોલમાં પડી ગઈ હતી. ત્યાંથી પસાર થતી રિક્ષાના ડ્રાઈવરે વિમલાને મૅનહોલમાં પડતી જોઈ તાત્કાલિક પોલીસ કન્ટ્રોલ રૂમને જાણ કરી હતી.

બનાવની જાણ થતાં એમઆઈડીસી પોલીસ અને ફાયર બ્રિગેડના જવાનો ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. મળતી માહિતી અનુસાર ભૂગર્ભ મેટ્રોનું કામ ચાલી રહ્યું હોવાથી ડિવાઈડરની બાજુમાં આવેલા મૅનહોલનું ઢાંકણ બેસાડાયું નહોતું, જેને કારણે મહિલા તેમાં પડી ગઈ હતી. ઘટના બાદ ગુરુવારની સવારે મૅનહોલ પર ઢાંકણ બેસાડી દેવામાં આવ્યું હતું.

દરમિયાન મૅનહોલની નીચે આવેલા નાળામાં મહિલા તણાઈ ગઈ હતી. પરિણામે ફાયર બ્રિગેડના જવાનોએ નાળું જે દિશામાં વહેતું હતું ત્યાંના ચારથી પાંચ મૅનહોલનાં ઢાંકણ ખોલીને તપાસ કરતાં મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કૂપર હૉસ્પિટલમાં મોકલી દેવાયો હતો.

આ પ્રકરણે હાલમાં એડીઆર નોંધવામાં આવ્યો છે. ઘટનાસ્થળ આસપાસ લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસવામાં આવી રહ્યા છે. તપાસમાં દોષી જણાયેલી વ્યક્તિ સામે કાર્યવાહી કરવામાં આવશે. દરમિયાન ઘટનાને ગંભીરતાથી લઈ મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ તપાસનો આદેશ આપ્યો હતો.

આ માટે ત્રણ સભ્યની સમિતિ પર બનાવવામાં આવી હતી. સમિતિના અધ્યક્ષ તરીકે ઝોન-૩ના ડેપ્યુટી કમિશનર દેવીદાસ ક્ષીરસાગરની નિયુક્તિ કરાઈ હતી. અન્ય બે સભ્યમાં ફાયર બ્રિગેડના અધિકારી રવીન્દ્ર અંબુલગેકર અને ચીફ એન્જિનિયર અવિનાશ તાંબેવાઘનો સમાવેશ થાય છે. આ સમિતિને ત્રણ દિવસમાં અહેવાલ સુપરત કરવાનું જણાવાયું છે.

### મેટ્રો કારશેડને લીધે

ખાતે મરોલ રોડ પરનો સબવે એમએમઆરસીએલ દ્વારા એક્વા લાઇન મેટ્રો ૩ની નીચે વાહનચાલકો મેટ્રો લાઇનની બીજી તરફ પહોંચી શકે તે માટે ૨૦૨૨માં બાંધવામાં આવ્યો હતો.

પાણી ભરાઈ જવાને કારણે બુધવારે સાંજથી રાત સુધી સબવે બંધ કરી દેવામાં આવ્યો હતો અને અનેક લોકો અટવાઈ ગયા હતા. પૂરથી ભરાયેલા સબવેને કારણે આરે ખાતે મેટ્રો કારશેડના નિર્માણ અંગે નાગરિકોને ચિંતા ઘેરી વળી અને લોકોએ સોશિયલ મીડિયા પર અધિકારીઓને ટ્રોલ કર્યા હતા. અધિકારીઓની ઠેકડી ઉડાવતા નેટીઝનોએ કહ્યું કે એમએમઆરસીએલ એક્વા લાઇનના નામકરણને સાર્થક કરી રહી છે.

### સંજય રાઉતને

પત્ની મેધા સોમૈયાએ રાઉત વિરુદ્ધ માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. રાઉતે મેધા સોમૈયા પર મીરા-ભાયંદર ક્ષેત્રમાં જાહેર શૌચાલયના નિર્માણ અને જાળવણીમાં ૧૦૦ કરોડ રૂપિયાનો ગોટાળો કર્યો હોવાનો આરોપ મૂક્યો હતો.

### ચૂંટણી પહેલાં

૧૦૦ કરોડ રૂપિયાના કૌભાંડમાં સામેલ હોવાનો આરોપ રાઉતે તેમના પર મૂક્યો હતો. રાઉતને ભારતીય દંડ સંહિતાની કલમ ૫૦૦ (માનહાનિ) હેઠળ દોષિત ઠેરવવા ઉપરાંત જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ (ફર્સ્ટ ક્લાસ) આરતી કુલકર્ણીએ તેમને ૨૫ હજાર રૂપિયાનો દંડ પણ ફટકાર્યો હતો. (પીટીઆઈ)

### કોર્ટે મને સાચી પુરવાર કરીઃ મેધા સોમૈયા

અદાલતના ફેંસલા પર પોતાની પ્રતિક્રિયા આપતા મેધા સોમૈયાએ કહ્યું હતું કે હું અદાલતના ફેંસલાથી ખૂબ ખુશ અને સંતુષ્ટ છું.

આનાથી પુરવાર થાય છે કે મેં કંઇપણ ખોટું કર્યું નહોતું અને સંજય રાઉતે મારા પર ખોટા આરોપો મૂક્યા હતા. અદાલતે મને પ્રામાણિક પુરવાર કરી છે. અમને ન્યાય મળ્યો છે.

## જૈન મરણ

ભરતચંદ્ર ચીમનલાલ શાહ (ઉં. વ. ૮૯) ગામ પાદરા હાલ મુંબઇ તે સ્વ. જયાબેન શાહના પતિ. ભાવાંગભાઇ, કૌશિકભાઇ, અને હિમાદ્રીબેનના પિતા. શીતલબેન, જલ્પાબેન અને વ્રજેશના સસરા. ધારીલ-જાનકી, પ્રિયલ-નિરવ, દિગ્વી-રાહુલ અને પ્રમીનના દાદા. યશ્વીના નાના. બુધવાર, તા. ૨૫-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જોરાવરનગર નિવાસી હાલ સાયન વિક્રમભાઈ ભાયલાલ ગોપાલજી શાહ (ઉં. વ. ૭૮) તા. ૨૫-૯-૨૪ના બુધવારના અરિહંતશરણ પામ્યા છે. તેઓ રેખાબેનના પતિ. ચિરાગ-સેજલ, રૂપલ-આલોકના પિતાશ્રી. લક્ષ્મીચંદભાઈ, રમણીકભાઈ, જયંતિભાઈ, રસિકભાઈ, લલિતભાઈ, સરોજબેન અને પુષ્પાબેનના ભાઈ. ધૈર્ય અને દિશાંત (દાદા), આરુષ અને આકાંક્ષા (નાના) ઈશ્વરલાલ જેઠાલાલ પારેખ (મૂળી નિવાસી)ના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલિતાણા નિવાસી હાલ મુલુંડ સુરજબેન શાંતિલાલ શાહના સુપુત્ર પરેશભાઇના ધર્મપત્ની અ. સૌ. રૂપલબેન (ઉં. વ. ૪૯)તા. ૨૬-૯-૨૪ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે ધાર્મિક, મોક્ષિતના માતુશ્રી. કિશોરભાઇ, ભરતભાઇ, ભાવનાબેન કમલેશકુમાર શાહના ભાઇના પત્ની. નયનાબેન, ચેતનાબેનના દેરાણી. ઇન્દિરાબેન ભૂપેન્દ્રભાઇ સલોત, કંથારિયા (પચ્છેગામ) નિવાસી હાલ ઘાટકોપરના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૪ના શનિવાર સવારના ૧૦થી ૧૨. ઠે. સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ).

**પોરબંદર દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અરૂણાબેન અડોદરા (ઉં. વ.૮૬) તે સ્વ. ભાલચંદ્ર કેશવલાલ અડોદરાના ધર્મપત્ની. શ્રીકાંત, અશ્વીનના માતુશ્રી. હીના તથા કિરણના સાસુમા. ધ્રુવ તથા ધનંજયના દાદીમા. કરિશ્મા તથા જયતીના વડસાસુ. તા. ૨૪-૯-૨૪ના મંગળવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગઢડાસ્વામીના નિવાસી હાલ ઘાટકોપર સ્વ. લહેરીબેન કાળીદાસ કામદારના પુત્ર સ્વ. હિંમતલાલ કાળીદાસ કામદાર (ઉં.વ. ૯૩) તા. ૨૪-૯-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રભાબેનના પતિ. ભરતભાઈ, હિતેશભાઈ, નીલેશભાઈ, સંગીતાબેન ઘેલાણીના પિતાશ્રી. નીતાબેન, દિપાલીબેન, હીનાબેન, અતુલકુમાર ઘેલાણીના સસરા. સ્વ. બાબુલાલ, સ્વ. મનસુખલાલ, સ્વ. લાભુબેન, સ્વ. કાંતાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. હીરાબેનના ભાઈ. સાસરી પક્ષે વ્રજલાલ વીરચંદ બેનાણીના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૪, શનિવારના ૧૦.૩૦ થી ૧૨. સ્થળઃ પરમ કેશવ બાગ, નવરોજી લેન, કામાલેન, ઘાટકોપર વેસ્ટ.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઈના સ્વ. પરમાબેન (ઉં.વ. ૮૩) સોમવાર, તા. ૨૩-૯-૨૪ના અવસાન પામેલ છે. તે સ્વ. પુરાબેન રૂપશીના પુત્રવધૂ. વેલજી રૂપશીના ધર્મપત્ની. સ્વ. વિનોદ, હંસા, ઉષા, સુરેશ, મુકેશ, જયેશના માતુશ્રી. સ્વ. વસનજી, વિનોદ, ભારતી, ચંદ્રિકા, રીનાના સાસુ. હેલી, રોહિત, નીરવ, કાવ્ય, માહીના દાદીમા. સ્વ. ગંગાબેન વિશા પચાણ નિસરના પુત્રી. પ્રાર્થનાસભા તા. ૨૭-૯-૨૪, શુક્રવારના ૩ થી ૪.૩૦. પ્રા. સ્થળઃ માનવ સેવા સંઘ, સાયન. ઠે. ૭૦૧, આરાધ્ય સીંગનેચર, ગાંધી માર્કેટની સામે, સાયન.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અગિયાળી નિવાસી હાલ મુલુન્ડ સ્વ. મૂળચંદ નાનચંદ શાહના પુત્ર હિંમતલાલ મુલચંદ શાહ (ઉં.વ. ૭૮) ગુરુવાર, તા. ૨૬-૯-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. શારદાબેનના પતિ. રૂપા, નિલેશના પિતા. ધ્રુતી, પ્રશાંતકુમારના સસરા. અમુલખભાઈ, સુરેશભાઈ, વિનુભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. કાંતાબેનના ભાઈ. બાંભણિયાવાળા સ્વ. ત્રિભોવનદાસ છગનલાલ દોશીના જમાઈ. બેસરાણઃ શુક્રવાર, તા. ૨૭-૯-૨૪ના ૬ થી ૮. સ્થળઃ હિંમતલાલ મુળચંદ શેઠ ૩૦૫, સિલ્વર કોર્ટ, દેવીદયાલ રોડ, બી. પી. એસ. કમ્પાઉન્ડ, દેવીદયાલ બસ ડેપોની બાજુમાં, મુલુન્ડ વે.

**સ્થાનકવાસી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ મીરા રોડ સ્વ. જયંતીલાલ માણેકચંદ બીલખીયાના પુત્ર ચંદ્રકાંતભાઇ (બબાભાઈ) બીલખીયા (ઉં.વ. ૮૦) ૨૩/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રતિકભાઇ, સૌ. નિરાલી આકાશકુમાર ઝાટકીયાના પિતાશ્રી. સૌ. ચાંદનીના સસરા. સ્વ. ગુણવંતરાય બિલખીયા, સ્વ. ચંપકભાઈ બિલખીયા, સ્વ. શશીકાંતભાઇ બિલખીયા, સ્વ. કુસુમબેન મહેતા, શ્રીમતી અનસૂયાબેન બાવિશા, શ્રીમતી કોકિલાબેન સંઘરાજકા, અ.સૌ. રંજનબેન દેસાઈના ભાઈ. ભાવનગર નિવાસી સ્વ. ખાન્તિલાલ રતિલાલ શાહના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૬/૯/૨૪ને ગુરૂવાર ૧૦ થી ૧૨. રાધાકૃષ્ણ બેન્કવેટ હોલ, કાસા ડેલા હોટલ પાછળ, અસ્મિતા સુપર માર્કેટ સામે, પૂનમ સાગર રોડ, મીરા રોડ.

**ઝાલાવાડી સ્થા જૈન**

લીંબડી નિવાસી હાલ બોરીવલીના સ્વ. શાંતાબેન મણિલાલ રતિલાલ શાહના પુત્ર ચંદ્રકાન્તભાઈ શાહ (ઉં.વ. ૭૫) તે મનીષાબેનના પતિ. હેમલ તથા કુશલના પિતા. સ્વ. પ્રમોદભાઈ, નીલાબેન રજનીકાંત શેઠ, સોનલબેન નરેન્દ્રભાઈ શાહના ભાઈ. સાસરાપક્ષે સ્વ. ઇન્દુબેન મનમંથભાઈ હરગોવિંદદાસ સંઘવી ધ્રાંગધ્રાના જમાઈ. ૨૩/૯/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી ૫૦૩, શ્રીજી ટાવર, ડૉ. જરીવાલા લેબોરેટરી સામે, મંડપેશ્વર રોડ, બોરીવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વાંકીના જીતેન્દ્ર ટોકરશી (બાબુભાઈ) છેડા (ઉં.વ. ૫૫) તા. ૨૪-૯-૨૪ના અવસાન પામેલ છે. પ્રભાવતીબેન ટોકરશી મેઘજી છેડાના સુપુત્ર. કવિતાના પતિ. મૈત્રી, વિવેકના પિતા. જયેશ, રેખા, બીનાના ભાઈ. રંજનબેન કુંવરજી વસનજી મામણીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. નિવાસઃ માતુશ્રી પ્રભાવતીબેન ટોકરશી છેડા : ૧૦૧, ત્રિ-સંધ્યા, દાદા સાહેબ ફાલકે રોડ, દાદર (ઈસ્ટ).

લુણીના ધીરજ રામજી ગલીયા (ઉં.વ. ૬૭) તા. ૨૫-૯ના દેહ પરિવર્તન કરેલ છે. મણીબાઈ રામજીના પુત્ર. વર્ષાના પતિ. ચેતન, ડો. શીતલના પિતા. વસનજી, ભરત, લક્ષ્મી, ચંદન, સ્નેહાના ભાઈ. ઝવેરના દેર. ટુંડા ગંગાબાઈ કેશવજી રાયશીના જમાઈ. પ્રા. શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે), ટા. ૨થી ૩.૩૦.

ચીઆસરના કલાવંતીબેન મોહનલાલ ગડા (ઉં.વ. ૬૪) તા. ૨૫/૯/૨૪ના અવસાન પામેલ છે. પાનબાઈ વેરશીના પુત્રવધૂ. મંજલ રે. ભાણબાઈ પાસુના સુપુત્રી. મોહનલાલ વેરશીના ધર્મપત્ની. શિરીલ, વિવેક, કલ્પાના માતુશ્રી. મંજલ રે. ના કાંતીલાલ, લક્ષ્મીચંદ, પ્રેમજી, ધિરજ, ખારુઆના પુષ્પાબેન ભાણજીના બેન. પ્રા. શ્રી વ.સ્થા.સં.સં કરસન લધુ નિસર હોલ. ટાઈમ : ૪ થી ૫.૩૦.

ગોધરાના કીર્તિકુમાર હંસરાજ વિસરીયા (ઉં.વ. ૮૨) તા. ૨૫-૯-૨૪ના અવસાન પામેલ છે. ભાણબાઇના પુત્ર. રસિકાબેનના પતિ. દેવાંગ, ડો. પલ્લવીના પિતા. વિશનજી, દેવકુંવર, ગુણવંતીના ભાઇ. કોડાયના ભચીબેન ડો. મોરારજી શાહના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. દેવાંગ વિસરીયા, બી-૬૦૧, ગૌરવ ગીત, ગૌરવ ગાર્ડન કોમ્પલેક્ષ, બંદર પખાળી રોડ, ચારકોપ, કાંદિવલી (વે).

દેવપુરના હેમરાજ ગણશી મોતા (ઉં.વ. ૮૫) તા. ૨૫-૯ના અવસાન પામેલ છે. દેવાબાઇ ગણશી મેઘજીના પુત્ર. લક્ષ્મીબેનના પતિ. નિતિન, રસીલાના પિતાશ્રી. નાનજી, નાગજી, નેણશી, ખેરાજ, શેરડીના હિરબાઇ વિસનજીના ભાઇ. કોટડા રોહાના દેવકાબેન મુરજી શામજી વિસરીયાના જમાઇ. પ્રા. પી.પી. ચેમ્બર, કે.ડી.એમ.સી. ઓફિસની બાજુમાં, ૩જે માળે, ડોંબિવલી (ઇ), સમય : ૩ થી ૪.૩૦.

છસરા હાલે વડોદરાના શશીકાંત ગંગર (ઉં.વ. ૬૯) તા. ૨૪-૯ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઇ/મઠાંબાઇ નેણશી મેઘરાજ ગંગરના સુપુત્ર. પિતાતુલ્ય શાંતીલાલ, વિમળા, ભાનુ, કાંતી, અશોકના ભાઇ. ભોરારાના હાંસબાઇ દામજી મુરજીના દોહીત્ર. પ્રાર્થના રાખેલ નથી. ફોન-મેસેજ રૂબરૂ તુલ્ય. ઠે. ડો. અતુલ કે. શાહ, ૨૦, ઓમ પાર્ક, સ્ટેડીયમ, આકોટા, વડોદરા-૨૦.

ડોણના અ.સૌ. દમયંતીબેન હરખચંદ વીરા (ઉં.વ. ૭૨) ૨૪-૯ના મોક્ષમાર્ગે પ્રયાણ કરેલ છે. તેજબાઇ હીરજી વીરાના પુત્રવધૂ. હખરચંદના ધર્મપત્ની. બીપીન, નીતા, ચૈતાલીના. બાડાના માતુશ્રી દેવકાંબેન ખેરાજ રણશીના સુપુત્રી. બાડાના દેવચંદ, સ્વ. શાંતીલાલ, ગોધરાના પુષ્પા હરખચંદ, જયશ્રી હરેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. બીપીન વીરા, અર્થ રેસીડેન્સી, જે-૬૪૦, રતનનગર, દહીંસર (ઇસ્ટ).

## હિન્દુ મરણ

કચ્છ ગામ ધારેશી હાલે મુલુન્ડ મહેંદ્ર નરમ (ઉં.વ. ૭૧) બુધવાર, તા. ૨૫-૯-૨૪ના રામશરણ પામેલ છે. તે સ્વ. રામજી પુરુષોત્તમ નરમ અને સ્વ. શાંતાબેન રામજી નરમના પુત્ર. ભાવનાના પતિ.. પૂર્વી કૌશિક તન્ના, તૃપ્તી વૈભવ ધામણકર, રિચા મેહુલ રામાણીના પિતા. પ્રવીણ, જયંતી, ચંદ્રકાંતના ભાઈ. અરુણાબેન નરમ, ઈંદિરાબેન મુકેશના ભાઈ સ્વ. કુસુમ નારાયણજી ધરમસી કોઠારાના અંજારવાળાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વહેવાર બંધ છે.

**નડિયાદ વિસા ખડાયતા વણિક**

નડિયાદ નિવાસી હાલ મુંબઈ કાંતાબહેન વાસુદેવ પરીખ (ઉં. વ. ૯૯) તે સ્વ. વાસુદેવ પરીખના ધર્મપત્ની તે જીતેન્દ્ર ચંદ્રવદન પ્રબોધ અરૂણના માતુશ્રી. તે નીલાક્ષી દમયંતી મીત્રા નયનાના સાસુ. તે ઈન્દુબહેન, ડૉ. જયંતીલાલ, બાલકૃષ્ણ, પ્રવીણચંદ્ર સૌરેન્દ્રના બહેન તા. ૨૪-૯-૨૪ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**લુહાર સુથાર**

ગામ ઢશા, આંબરડીવાળા હાલ મુંબઈ, ગં. સ્વ. લીલાબેન નંદલાલ મકવાણાના પુત્ર સ્વ. મહેન્દ્ર મકવાણા (ઉં. વ. ૬૯) તા. ૨૩-૯-૨૪ને સોમવારે રામચરણ પામ્યા છે. તે જયશ્રીબેન, સ્વ. હંસાબેન તથા નરેશભાઈના મોટાભાઈ. તે મનીષાબેનના જેઠ. તે પ્રશાંત, જયના દાદા. તે પ્રફુલ, વિજય, સતીષ, દિનેશ, લીનાના મામા તથા વિશાલ, મિત્તલ, આશાના મામાજી. પ્રાર્થનાસભા તા. ૨૭-૯-૨૪ને શુક્રવારે ૪ થી ૬. રામમંદિર (સોરઠિયા વાડી), ઉજો કુંભારવાડા, મુંબઈ-૪.

**દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક**

જૂનાગઢ હાલ ચેમ્બુર ગં. સ્વ. તરુલતાબેન ગુણવંતરાય પારેખ (ઉં. વ. ૮૮) તા. ૨૬-૯-૨૪ના ગુરૂવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સંજયભાઇ-જોલીબેન, સોનલબેન-હરેનભાઇના માતુશ્રી. રૂષભ-ફોરમ, મનન-મિતાલી, જય-શ્રેયા, બીજલ-ઓસીના દાદી. તે રાજકોટ નિવાસી સરલાબેન રમેશભાઇ ગાંધી તથા કુસુમબેન કિશોરભાઇ શાહના વેવાણ.પિયર પક્ષે ધનકુવરબેન મોહનલાલ પારેખના દિકરી. તે કુસુમબેન મનસુખલાલ, મંજુલાબેન કાંતિલાલ, મીરાબેન મહેન્દ્રભાઇ, સરલાબેન લલિતભાઇ, ચંદ્રીકાબેન દિલીપભાઇ, વાસંતીબેન વસંતભાઇ, સ્વ. શશીકાંતભાઇ એલ, જયશ્રીબેન એસ, નલીનકાંત એલ, વિણાબેન એનના બેન. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૯-૨૪ના ઘી એકર્સ કલબ, પશમીના હોલ, હેમીંગવે કલાની માર્ગ, સીદ્ધિ સોસાયટી, ચેમ્બુર, મુંબઇ-૭. ૫થી ૭, ત્વચાદાન કરેલ છે, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. નરોત્તમદાસ વેલજી જોબનપુત્રા ગામ તુણાવાળાના ધર્મપત્ની શ્રીમતી રમાબેન (ઉં.વ. ૮૭) તે સ્વ. પુરૂષોત્તમ તુલસીદાસ બડિયા ગામ સુમરી રોહાવાળાની પુત્રી. અરૂણ, મીનાક્ષીના માતાશ્રી. અ. સૌ. જયશ્રીના સાસુજી. જીનલ, માનસી પિકુલ પટેલના નાનીમા. સ્વ. નરસીદાસ, સ્વ. મેઘજી, માયાના બહેન તા. ૨૦-૯-૨૪, શુક્રવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૪, શનિવારના ૫ થી ૭. પ્રાર્થનાસભા ૧લે માળે, વિશ્વેશ્વર ભવન, સન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલેપાર્લે વેસ્ટ. (લૌકિક વ્યવહાર બંધ છે.)

**ઝાલાવાડ સત્તરતાલુકા ઔદિચ્ય બ્રાહ્મણ**

નાગનેશ નિવાસી હાલ ઘાટકોપર સૌ. રમાગૌરી દવે તા. ૨૫/૯/૨૪ના કૈલાસવાસી થયાં છે. તે સ્વ. સુશિલાબેન ગુણવંતરાય હરિશંકર દવેના પુત્રવધૂ. મહેન્દ્રભાઈના ધર્મપત્ની. હિતેશ, ભાવેશ, કોમલના માતા. પ્રીતિ, લોપા, વિશાલકુમારના સાસુ. સ્વ. સુરેશ, રમેશ, મુકેશ, ધરીતા તથા યોગેશના ભાભી. સ્વ. જયાબેન ધીરજલાલ ઠાકરના દીકરી, પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૪ના શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજ ભવન, જોશી લેન, ઘાટકોપર પૂર્વ ૫ થી ૭.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ ખારોઈ હાલે કોપરખેરને (નવી મુંબઈ) નિવાસી જયાબેન મણીલાલ ઠાકરશીભાઈ રામાણીના પુત્ર ચેતનભાઈ રામાણી (ઉં.વ. ૫૦) તે ભાવનાબેનના પતિ. ક્રિશાના પિતાશ્રી. હિતેશભાઈ અને હરીશભાઈના ભાઈ. સ્વ. અમૃતલાલ જેઠાલાલ સાયતાના જમાઈ. સ્વ. મોહનભાઈ, જેન્તીભાઈ, નટુભાઈ, અશ્વિનભાઈ પૂજારાના ભાણેજ, તા. ૨૪/૯/૨૪ને મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૯/૨૪ શુક્રવાર ૪-૩૦ થી ૬. શ્રી સ્વામિનારાયણ મંદિર સેકટર ૨૯, વાસી, નવી મુંબઈ.

**કપોળ**

જાળીયાવાળા હાલ કાંદીવલી સ્વ. પ્રતાપરાય રણછોડદાસ ચિતલીયાના પત્ની હંસાબેન (ઉં.વ. ૭૪) બુધવાર, તા. ૨૫/૯/૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે અલ્પેશ, ભાવેશ, બીના અમિત ગાંધી, અલ્પા વિનોદ નાંઢાના મમ્મી. અમી, કિન્નરીના સાસુ. સ્વ. પ્રાણલાલભાઈ, સ્વ. પ્રવીણચંદ્ર, સ્વ. મંગળાબેન નટવરલાલ મેહતાના ભાભી. પિયરપક્ષે દ્વારકાદાસ નારણદાસ કરવતના દીકરી. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર, ૨૮/૯/૨૪ના ૫ થી ૭. વાંઝા વાડી, ધનામલસ્કૂલ સામે, ઈરાની વાડી, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી રાજગોર- બ્રાહ્મણ**

ગામ ભદ્રેશ્વર હાલે મીરા રોડ ચુનીલાલ દેવજી જોષી (નાકર) (ઉં.વ. ૭૮) તા. ૨૩/૯/૨૪ને સોમવાર રામશરણ પામેલ છે. તે સ્વ. અમૃતબેનના પતિ. સ્વ. લક્ષ્મીબેન દેવજી પુરુષોત્તમના સુપુત્ર. શિલ્પાબેન જીતેન્દ્ર, અલ્પાબેન ગિરીશ, અનુરાધા રશ્મિકાન્તના પિતા. સ્વ. મોહનલાલ, સ્વ. શંભૂલાલ, સ્વ. નારાયણદાસ, સ્વ. રણછોડદાસ, સ્વ. વેલબાઈ હીરજી મોતાના નાનાભાઈ. ગામ ભુજપુરના સ્વ. મોંઘીબેન હરિરામ કાનજી જોષીના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨૭/૯/૨૪ને શુક્રવાર ૩ થી ૫. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, ડાયમંડ ટોકીઝ સામે, એલ .ટી રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી ભાટિયા**

કચ્છ માંડવી નિવાસી હાલ હૈદરાબાદ ગં.સ્વ. ઉષાબેન રામૈયા (ઉં.વ. ૮૧) ૨૫/૯/૨૪ના હૈદરાબાદ મુકામે શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. દિવાળીબેન રણછોડદાસ સુતરીયા માંડવીવાળાની દીકરી. સ્વ. જયસિંહ લાલજી રામૈયાના ધર્મપત્ની. શ્યામ, પરિમલ, જેતલ તથા પરીક્ષિતના માતુશ્રી. સ્મિતા, ભાવના, રૂપા, ચેતનાના સાસુ. ગં.સ્વ. ભાનુમતી ઠાકરશી વૈદના બહેન. પ્રાર્થનાસભા ૨૭/૯/૨૪ના ૪.૩૦ થી ૬.૦૦. કચ્છી લોહાણા મહાજનવાડી, ભીંડોરી રોડ, નાસિક.

**કપોળ**

ગામ મતીરાળા હાલ કાંદિવલી ગં.સ્વ. નિરંજનાબેન પ્રતાપરાય નાગરદાસ મોદીના સુપુત્ર હેમંત મોદી (ઉં.વ. ૬૦) તે આરતીબેનના પતિ. હીરક અને અદિતિના પિતાશ્રી. પૂર્વી નિખિલના જેઠ. સ્વ. જયાબેન નટવરલાલ મોહનલાલ વોરાના જમાઈ. ભૂપતભાઈ છગનલાલ ભુતાના ભાણેજ, તા. ૨૪-૯-૨૪ મંગળવારના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૯-૨૪ના શનિવાર ૫.૦૦ થી ૭.૦૦. લોહાણા બાલાશ્રમ હોલ, મંગુભાઈ દત્તાણી માર્ગ, મથુરાદાસ એક્સટેન્શન રોડ, કાંદિવલી (વેસ્ટ). લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ કલકત્તા હાલ કાંદિવલી નિવાસી હર્ષાબેન (હસુમતિબેન) લાલ (ઉં.વ. ૬૨) તા. ૨૫-૯-૨૪ના બુધવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. જમનાબેન જમનાદાસ ગોકળદાસ લાલની પુત્રવધૂ. કિરીટભાઈ લાલના પત્ની. નિકિતા-પ્રિયલના માતુશ્રી. સ્વ. નિર્મળાબેન તથા સ્વ. નંદલાલ કેશવજી સોઢાની પુત્રી. મોનીષ રાજેશભાઇ ભાવસારના સાસુ. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૭/૯/૨૪ના શુક્રવારે ૫ થી ૭. લોહાણા મહાજન વાડી, પહેલે માળે, એસ.વી. રોડ, કાંદીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી સારસ્વત બ્રાહ્મણ**

દેસલપરના સ્વ. મંગળાબેન લક્ષ્મીકાંત (શ્રીપતિ) જટાશંકર ધતુરિયાના પુત્ર અજય (ઉં.વ. ૫૫) સ્વ. સરસ્વતીબેન કલાપીભાઈ, ભાવનાબેન નરેન્દ્રભાઈ, સ્વ. કસ્તુરબેન બિહારીલાલ હરિયામાણેક, સ્વ. ભાગ્યવંતીબેન મૂળશંકર ઘરાદેવ, સ્વ. જયાબેન હરિશભાઈ હરિયામાણેક, ચંદ્રાબેન હેમંતભાઈ સાહેલના ભત્રીજા. કિર્તીબેન, સ્વ. જગદીશભાઈ, જયશ્રીબેનના ભાઈ. મધુસૂદન બલિભાઈ ચક્રમંદરા, કમલેશ વિજયશંકર રાડિયાના સાળા. સ્વ. હરિરામ ગાવડિયાના દોહિત્ર તા. ૨૨-૯-૨૪ના રામશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા રાખી નથી. લૌ. વ્ય.બંધ છે.

## પારસી મરણ

પેસી એરચશા ગોરવાલા તે મરહુમ નરગીશના ધની. તે મરહુમો તેહમી એરચશા ગોરવાલાના દીકરા. તે એરચના પપા. તે સનોબરના સસરા. તે અનયનાદ ના બપાવા. તે મરહુમો મહેરામાય માનેકશા બલસારાના જમાઇ. (ઉં. વ. ૮૨) રે. ઠે. દીવેચીયા બિલ્ડિંગ, રૂમ. નં.૭, ૧લે માળે, માલકમ બાગ, એસ. વી. રોડ, જોગેશ્વરી, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૯-૨૪ના દિને બપોરે ૩.૪૫ વાગે, માલકમ બાગ અગિયારીમાં છેજી.

**સિકંદરાબાદ**

પરવિઝ ઇ. કાંદાવાલા (ઉં. વ. ૯૧), તે મરહુમ જેરુ ઇ. કાંદાવાલાના બહેન. તે તા. ૨૫-૮-૨૪ના ગુજરી ગયા છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

